રાજ્યમાં ફરી એકવાર સરકારી કચેરીને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળતા તંત્રમાં દોડધામ મચી

પાસપોર્ટ ઓફિસ-પોસ્ટને ઉડાવવાની ધમકી

સુરત પાસપોર્ટ ઓફિસને મળેલા અજ્ઞાત ઈમેલમાં વલસાડ પાસપોર્ટ ઓફિસને ઉડાવી દેવાની ધમકી અઆતા જિલ્લા પોલીસ દોડતી થઈ

બોમ્બ સ્ક્વોડ અને ડોગ સ્ક્વોડની મદદથી સમગ્ર પરિસરનું સઘન ચેકિંગ હાથ ધરવામાં આવ્યું

પાસપોર્ટ ઓફિસ જેવી ભીડભાડવાળી જગ્યાએ આવી ધમકી મળતા સ્થાનિકો અને અરજદારોમાં ફફડાટ

વલસાડ : રાજ્યમાં ફરી એકવાર સરકારી કચેરીને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળતા તંત્રમાં દોડધામ મચી ગઈ છે. આ વખતે વલસાડની પાસપોર્ટ ઓફિસ નિશાન પર હોવાના સમાચાર મળતા જ સુરક્ષા એજન્સીઓ સતર્ક થઈ ગઈ છે.

મળતી માહિતી મુજબ, સુરત પાસપોર્ટ ઓફિસને એક અજ્ઞાત ઈમેલ પ્રાપ્ત થયો હતો. આ મેલમાં વલસાડ પાસપોર્ટ ઓફિસને બોમ્બથી ઉડાવી દેવાની ગંભીર ધમકી આપવામાં આવી હતી. સુરત ઓફિસે તાત્કાલિક આ બાબતની જાણ વલસાડ જિલ્લા પોલીસને કરી હતી.

ધમકીના સમાચાર મળતા જ વલસાડ જિલ્લા પોલીસ એક્શન મોડમાં આવી ગઈ હતી. સાવચેતીના ભાગરૂપે તાત્કાલિક પાસપોર્ટ ઓફિસમાં રહેલા સ્ટાફ અને અરજદારોને બહાર કાઢી ઓફિસ ખાલી કરાવાઈ હતી. પોલીસની વિવિધ ટીમો અને ઉચ્ચ અધિકારીઓનો કાફલો તાબડતોબ ઓફિસે પહોંચી ગયો હતો. બોમ્બ સ્ક્વોડ અને ડોગ સ્ક્વોડની મદદથી સમગ્ર પરિસરનું સઘન ચેકિંગ હાથ ધરવામાં આવ્યું છે. પાસપોર્ટ ઓફિસ જેવી ભીડભાડવાળી જગ્યાએ આવી ધમકી મળતા સ્થાનિકો અને અરજદારોમાં ફફડાટ ફેલાયો છે. હાલ પોલીસ આ ઈમેલ ક્યાંથી આવ્યો અને તેની પાછળ કોનો હાથ છે તે દિશામાં તપાસ કરી રહી છે. અત્યાર સુધીની તપાસમાં કોઈ શંકાસ્પદ વસ્તુ મળી આવી છે કે નહીં તેની સત્તાવાર પુષ્ટિ પોલીસ દ્વારા કરવામાં આવી રહી છે.

નવસારીમાં બ્લાસ્ટની ધમકીથી પોલીસની સઘન તપાસ

સાવચેતીના ભાગરૂપે સાંઢકૂવાથી વિજલપુરનો માર્ગ બંધ કરવામાં આવ્યો

નવસારી : નવસારી શહેરની હેડ પોસ્ટ ઓફિસને બ્લાસ્ટ કરવાની ધમકી મળતા જિલ્લા પોલીસ તંત્ર તાત્કાલિક સક્રિય બની ગયું હતું. માહિતી મળતા જ સમગ્ર વિસ્તારને સુરક્ષા ઘેરામાં લઈને સઘન તપાસ હાથ ધરવામાં આવી હતી.

સ્થળ પર નવસારી ટાઉન પોલીસ સાથે એલસીબી, એસઓજી, બોમ્બ સ્ક્વોડ અને ડોગ સ્ક્વોડની ટીમો પહોંચી હતી અને પોસ્ટ ઓફિસ તેમજ આસપાસના વિસ્તારમાં તપાસ કામગીરી હાથ ધરાઈ હતી. કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે ફાયર બ્રિગેડ અને 108 એમ્બ્યુલન્સને પણ સ્ટેન્ડબાય પર રાખવામાં આવી હતી. સાવચેતીના ભાગરૂપે સાંઢકૂવાથી વિજલપુર તરફ જતો માર્ગ થોડા સમય માટે અવરજવર માટે બંધ કરવામાં આવ્યો હતો.

ઉલ્લેખનીય છે કે તાજેતરમાં ગુજરાતના વિવિધ શહેરોમાં સરકારી કચેરીઓ અને જાહેર સ્થળોને નિશાન બનાવી આવી ધમકીઓ મળતી રહી છે. અગાઉની ઘટનાઓમાં કોઈ શંકાસ્પદ વસ્તુ મળી આવી નહોતી, છતાં પોલીસ દ્વારા કોઈ જોખમ ન લેવાય તે માટે ચુસ્ત બંદોબસ્ત ગોઠવી સમગ્ર મામલે તપાસ હાથ ધરવામાં આવી છે. પોલીસ દ્વારા નાગરિકોને અફવાઓથી દૂર રહેવા અને કોઈ શંકાસ્પદ માહિતી જણાય તો તાત્કાલિક જાણ કરવા અપીલ કરવામાં આવી છે.

ગિરીશ ભોયે

ડાંગ દરબારમાં કાયદો જાળવવા પોલીસ સજ્જ

મેળામાં ૧૭૦ થી વધુ સુરક્ષાકર્મીઓ તૈનાત કરાયા

સાપુતારા : ડાંગ દરબાર મેળા પ્રસંગે મોટી સંખ્યામાં લોકો આવતા હોય છે. આ મેળાના સુચારૂ સંચાલન માટે કલેક્ટરના માર્ગદર્શન હેઠળ તંત્રએ સમિતિઓ બનાવી અધિકારીને જવાબદારીઓ સોંપી છે. પોલીસ અધિક્ષક પૂજા યાદવના માર્ગદર્શન હેઠળ નાયબ જિલ્લા પોલીસ અધીક્ષક જનેશ્વર નલવયા, જયદીપ સરવૈયા સહિતના અધિકારીઓ દ્વારા ટ્રાફિક વ્યવસ્થાઓ ગોઠવવામાં આવેલી છે.

નાયબ જિલ્લા પોલીસ અધિક્ષક જનેશ્વર નલવયાએ જણાવ્યું હતું કે, મેળામાં ૧૭૦ થી વધુ સુરક્ષા કર્મીઓ તૈનાત છે. અને મોબાઇલ ચોરી, ચેન સ્નેચિંગ વિગેરે પ્રવૃતિઓ ઉપર નજર રાખવા સર્વેલન્સ ગોઠવવામાં આવેલો છે. આ સાથે જ પોલીસ ની SHE ટીમ પણ તૈનાત કરવામાં આવેલી છે.

ડાંગ જિલ્લા કલેક્ટર શાલિની દુહાન, જિલ્લા પોલીસ વડા પૂજા યાદવ, અધિક નિવાસી કલેક્ટર એસ.જી.તબીયાર, પ્રાંત અધિકારી કાજલ આંબલીયા સહિતના ઉચ્ચાધિકારીઓ અને વહીવટી તંત્રની સમગ્ર ટીમ દ્વારા મેળાની તમામ વ્યવસ્થાઓ માટે સતત આયોજન અને મોનિટરીંગ કરવામાં આવી રહેલું છે.

વાંસદામાં હોળીના હાટ બજારમાં જનમેદની ઉમટી પડી

નિલેશ કાપડિયા

વાંસદા : વાંસદા પંથકમાં આમ તો દર શુક્રવારે હાટ બજાર ભરાતો હોય છે, પરંતુ માર્ચ મહિનામાં આવતા હોળીના તહેવાર નિમિતે હોળીના આગલા શુક્રવારના રોજ ભરતો હાટ બજાર વર્ષનો સૌથી મોટો હાટ બજાર તરીકે ઓળખાય છે, જેને અહીંના આદિવાસીઓ ભૂરકુંડીયા હાટ તરીકે પણ ઓળખે છે. આ હાટમાં વર્ષો જૂની પરંપરા અને આદિવાસીઓની શ્રદ્ધા મુજબ ભક્તો વિવિધ માતાજીના મુગટ- પહેરવેશ ધારણ કરી બજારમાં માર્ગો પર ફરી વાજિંત્રો સાથે નાચ ગાન કરી હોળીનો ફાગ માંગે છે. આ પ્રસંગે લોકો માતાજીના દર્શન કરી આશીર્વાદ લઈ ધન્યતા અનુભવતા હોય છે. હોળીના હાટ બજારમાં વાંસદા સહિત ચીખલી, ધરમપુર, વલસાડ, નવસારી, આહવા-ડાંગ, સુરત તેમજ મહારાષ્ટ્ર સુધીના નાના મોટા વેપારીઓ વેપાર અર્થે આવી સારી એવી રોજગારી મેળવી લેતા હોય છે. હોળીના હાટ બજાર હજારોની સંખ્યામાં સવારથી જ જનમેદની ઉમટી પડતાં તંત્ર દ્વારા મુખ્ય માર્ગ વાહન વ્યવહાર માટે બંધ રાખવામાં આવ્યો હતો. વેપાર સારો થતા વેપારીઓમાં ખુશીની લાગણી જોવા મળી હતી જ્યારે કેટલાક વેપારીઓએ નારાજગી વ્યક્ત કરી હતી.

નવસારીમાં બીજા માળની ગેલેરી તૂટી પડતા ગભરાટ

નીચે ઉભેલા બે વ્યક્તિઓ કાટમાળ નીચે દબાઈ ગયા

નવસારી : શહેરના વ્યસ્ત મધુમતી વિસ્તારમાં એક અકસ્માતની ઘટના સામે આવી હતી, જેમાં 'શ્રીજી જ્વેલર્સ'ની ઈમારતના બીજા માળની ગેલેરી અચાનક તૂટી પડતાં બે વ્યક્તિ ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા હતા.

પ્રાપ્ત માહિતી મુજબ, દુકાનનું કામકાજ પૂર્ણ થયા બાદ માલિક અને સ્ટાફ સ્થળેથી નીકળવાની તૈયારીમાં હતા ત્યારે અચાનક ઉપરના માળનો ગેલેરીનો ભાગ તૂટી પડ્યો હતો. ઘટનાની કોઈ પૂર્વ ચેતવણી ન મળતા નીચે ઉભેલા બે વ્યક્તિઓ કાટમાળ નીચે દબાઈ ગયા હતા. ઘટના બાદ આસપાસના વેપારીઓ અને સ્થાનિક લોકો તરત જ સ્થળ પર દોડી આવ્યા હતા અને બચાવ કામગીરી હાથ ધરી ઈજાગ્રસ્તોને કાટમાળમાંથી બહાર કાઢ્યા હતા. ત્યારબાદ બંનેને તાત્કાલિક સારવાર માટે નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા, જ્યાં તેમની હાલત ગંભીર હોવાનું જાણવા મળ્યું છે.

અકસ્માત બાદ વિસ્તારમાં થોડા સમય માટે ગભરાટનો માહોલ સર્જાયો હતો. ઘટનાના કારણ અંગે વધુ તપાસ હાથ ધરવામાં આવી રહી છે.

સંક્ષિપ્ત સમાચાર

માનવભવ એ સુવર્ણનું પાત્ર છે : પદ્મદર્શનસૂરિજી

સુરત : વલસાડના ડુંગરી ગામે 'મણિ કલ્યાણ' આરાધના ધામ ખાતે સત્સંગીઓ સમક્ષ જૈનાચાર્ય પૂ. પદ્મદર્શનસૂરિજી મહારાજે જણાવ્યું હતું કે, માનવજીવનનું મૂલ્યાંકન કરતાં આવડે તો માનવ ભવ સફળ થઇ જાય. ચારેય ગતિઓમા માનવગતિ શ્રેષ્ઠ ગતિ છે. માનવભવ એ સુવર્ણનું પાત્ર છે. સુવર્ણના પાત્રમાં સિંહણનું દૂધ પીવાય. સુવર્ણપાત્રમાં જેમ દારુ ન પીવાય તેમ સુવર્ણના પાત્રમાં દૂધ સિવાય કાંઇ ન પીવાય. દૂધ એટલે ધર્મની ક્રિયાઓ. સંપ્રદાયોમાં જે ક્રિયાકાંડ કે અનુષ્ઠાનો કરવાના હોય છે તે કરવા જોઇએ. એનો બહિષ્કાર ન કરાય. પરમાત્માના મંદિરે જઇને સેવા-પૂજા કરવી માતા-પિતાને પગે લાગવું અને વડીલોનો વિનય કરવો તે આર્ય દેશની આગવી સંસ્કૃતિ છે. હિન્દુ સંસ્કૃતિની આગવી વિશિષ્ટતા છે.

વાપી રોફેલ કોલેજ ફાર્મસીમાં પ્રિ-પ્લેસમેન્ટ ટોક એન્ડ ટ્રેનિંગ કાર્યક્રમ યોજાયો

વાપી : વાપીની રજુ શ્રોફ રોફેલ યુનિવર્સિટીની રોફેલ જી.એમ. બીલાખીયા કોલેજ ઓફ ફાર્મસી દ્વારા રોટરી બલાર ઓડિટરીયમમાં પ્રિ-પ્લેસમેન્ટ ટોક એન્ડ ટ્રેનિંગ વિષય પર કારકીર્દી લક્ષી વર્કશોપ યોજાયો હતો. જેનો હેતુ વિદ્યાર્થીઓને કારકીર્દિમાં પડતા પડકારોનો સામનો કરી શ્રેષ્ઠ સફળતા મેળવવાનો હતો. વક્તામાં અનિરૂદ્ધ પાંચાલ (હુબર ગૃપ, એચ.આર)એ ઈન્ટરવું અંગેની માહિતી આપી હતી. રાકેશ દેસાઈએ ફાર્મા ઉદ્યોગો અંગે શૈક્ષણિક લાયકાત અંગે તથા ડો.કેદાર શુક્લાએ કારકીર્દી સુધીના સફળ થવાના સોપાનો રજૂ કર્યા હતાં. સંચાલન ડો.અલિષા પટેલ, મેઘા પટેલે કર્યુ હતું. આયોજન કન્વીર ડો.અરિન્દમ પાલ (કોલેજ આચાર્ય) ના માર્ગદર્શન હેઠળ કરાયુ હતું. રોફેલ ટ્રસ્ટના ટ્રસ્ટીઓ, યુનિવર્સિટીના પ્રો.વી.સી. ડો. વિકાસ દેસાઈ તથા ઈન્ચાર્જ ડો. પ્રિયકાંત વેદે અભિનંદન આપી પ્રેરણા પૂરી પાડી હતી.

ડાભેલ હત્યા કેસમાં આરોપીને શરતી જામીન

ટ્રાયલ દરમિયાન હાજરી સુનિશ્ચિત કરવાનું કોર્ટનું તારણ

નવસારીઃ ડાભેલ ગામે વર્ષ 2025માં થયેલી ચકચારીત હત્યાના કેસમાં નવસારી સેશન્સ કોર્ટે મુખ્ય આરોપી શૌકત ઉસ્માન મહોમ્મદ એકલવાયાને શરતી જામીન મંજૂર કર્યા છે. મરોલી પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા આ કેસમાં આરોપી અને અન્ય સહઆરોપીઓ સામે હત્યા તેમજ એટ્રોસિટી એક્ટ હેઠળ ગંભીર ગુનો દાખલ કરવામાં આવ્યો હતો.

સુનાવણી દરમિયાન આરોપી પક્ષના વકીલ એડવોકેટ વિજય નાયકે કોર્ટ સમક્ષ દલીલ કરી હતી કે કેસની તપાસ પૂર્ણ થઈ ચૂકી છે અને ચાર્જશીટ દાખલ થઈ ગઈ હોવાથી પુરાવા સાથે ચેડાં થવાની શક્યતા નથી. ઉપરાંત આરોપીની શારીરિક સ્થિતિ ગંભીર હોવાની, બંને પગના ઓપરેશન બાદ તે વ્હીલચેર પર નિર્ભર હોવાની અને સ્વતંત્ર રીતે ઊભા રહી શકતા ન હોવાની બાબત પણ કોર્ટના ધ્યાન પર મૂકવામાં આવી હતી.

સરકારી વકીલ અને ફરિયાદી પક્ષ દ્વારા જામીનનો વિરોધ કરવામાં આવ્યો હતો. તેમ છતાં કોર્ટે સુપ્રીમ કોર્ટના માર્ગદર્શક ચુકાદાનો ઉલ્લેખ કરતાં જણાવ્યું કે જામીનનો હેતુ આરોપીને સજા આપવાનો નથી, પરંતુ ટ્રાયલ દરમિયાન તેની હાજરી સુનિશ્ચિત કરવાનો છે. તપાસ પૂર્ણ થઈ હોવા તેમજ માનવીય પાસાંને ધ્યાનમાં રાખીને કોર્ટે આરોપીને રૂપિયા એક લાખના બોન્ડ તથા નિર્ધારિત શરતો સાથે જામીન પર મુક્ત કરવાનો આદેશ આપ્યો છે. કેસની આગળની કાર્યવાહી ટ્રાયલ દરમિયાન હાથ ધરવામાં આવશે.

પારડી હાઈવે પર વાહનોની લાંબી કતાર

અમૃત પટેલ

હાઇવે ઓથોરિટીની બેદરકારીને લઈ વ્યાપાર ધંધા અર્થે જતા લોકો ટ્રાફિકમાં ફસાયા

પારડી : પારડી નેશનલ હાઇવે નંબર 48 ચાર રસ્તા બ્રિજ પર આજરોજ હાઇવે દ્વારા અચાનક કામગીરી હાથ ધરતા ટ્રાફિકના દ્રશ્યો સર્જાયા હતાં. વાપીથી વલસાડ જતા ટ્રેક ઉપર પારડી ચાર રસ્તા બ્રિજ ઉપર વાહનોની લાંબી કતાર લાગી હતી. જેને લઇ વાહનચાલકો કલાકો સુધી ટ્રાફિકમાં ફસાઈ જતાં રોષ વ્યક્ત કર્યો હતો. હાઇવે ઓથોરિટી દ્વારા કેટલાક સર્વિસ માર્ગો આજે પણ રીપેરીંગ કામગીરી ન કરતા સ્થાનિક વાહનચાલકોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. તેમજ કોઈપણ માહિતી વિના અચાનક હાઈવેના બ્રિજ ઉપર કામગીરી હાથ ધરતા ભારે વાહનો સહિત નાના વાહનચાલકો ટ્રાફિકમાં ફસાઈ જતા મુશ્કેલીમાં મુકાયા હતા. ત્યારે હાઇવે ઓથોરિટીની બેદરકારીને કારણે વ્યાપાર ધંધા અર્થે જતા લોકો અટવાયા હતા.

ચીખલી તાલુકામાં એક જ દિવસે બે દીપડા પાંજરે પુરાયા

ખાંભડામા ખેડૂત ઉપર હુમલો કરનાર અઢી વર્ષીય દીપડી જ્યારે ફડવેલમાં ખેતરમાં દીપડો પાંજરે પુરાયો

ધર્મેશ પટેલ

ઘેજ : ચીખલી તાલુકામાં આજે એક જ દિવસે બે દીપડા પાંજરે પુરાતા લોકોએ રાહતનો દમ લીધો હતો. ચીખલી તાલુકાના ખાંભડા ગામે ભવાની વડ પાસે નદી કિનારે ગુરૂવારની સવારના સમયે ખેડૂત નટુભાઇ ગાંડાભાઇ પટેલ ખેતરમાં કામ કરી રહ્યા હતા. દરમ્યાન દીપડાએ હુમલો કરતા પેટ અને થાપાના ભાગે ઈજાઓ પહોંચાડતા તબીબી સારવાર લેવાની ફરજ પડી હતી. વન વિભાગે જરૂરી સ્થળ તપાસ કરી ગુરૂવારની સાંજના સમયે નટુભાઇ પટેલના ખેતરમાં પાંજરું ગોઠવતા શુક્રવારની વહેલી સવારના સમયે શિકારની શોધમાં આવી ચઢેલ દીપડી ઉ. અઢી વર્ષ) પાંજરે પુરાતા વન વિભાગની ટીમે દીપડીનો કબ્જો લઇ વેટરનરી ડોકટર પાસે તપાસ કરાવી સલામત સ્થળે છોડવાની તજવીજ હાથ ધરી હતી.

બીજા બનાવમાં ચીખલી તાલુકાના ફડવેલ ગામે મોડી સાંજે વાડી ફળિયામાં ખેડૂત અમિતભાઈના ખેતરમાં દીપડો પાંજરે પુરાતા પૂર્વ સરપંચ હરીશભાઈ તાલુકા સભ્ય મહેશભાઈ સહિતના આગેવાનો અને સ્થાનિકો મોટી સંખ્યામાં એકત્ર થઈ ગયા હતા. આ વિસ્તારમાં છેલ્લા કેટલાક દિવસોથી દીપડાની અવર જવર વધી જવા પામી હતી. જે અંગેની જાણ કરાતા વનવિભાગ દ્વારા આજે બપોરના સમયે જ પાંજરુ ગોઠવવામાં આવ્યું હતુ અને ગણતરીના કલાકોમાં જ દીપડો પાંજરે પુરાતા સ્થાનિકોને કંઈક અંશે રાહત થવા પામી હતી. તાલુકામાં આજે બીજો દીપડો પાંજરે પુરાયો હતો.

મહારાષ્ટ્રની બે કાર સાથે 3 ઝડપાયા

નવસારી : મહારાષ્ટ્ર રાજ્યના નિઝામપુર પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા છેતરપિંડીના ગુનાનો ભેદ નવસારી એલસીબી ટીમે ગણતરીના કલાકોમાં ઉકેલી ત્રણ આરોપીઓને બે કાર સાથે ઝડપી પાડ્યા છે.

માહિતી મુજબ આરોપીઓએ અર્ટિગા કાર ગીરવે મૂકી પૈસા મેળવ્યા બાદ બીજી ચાવી વડે વાહન પાછું લઈ જઈ વિશ્વાસઘાત કરી છેતરપિંડી આચરી હતી. આ અંગે નિઝામપુર પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાયો હતો.

સુરત રેન્જના પોલીસ મહાનિરીક્ષક પ્રેમવીર સિંહ અને નવસારી પોલીસ અધિક્ષક રાહુલ પટેલના માર્ગદર્શન હેઠળ એલસીબીના સિનિયર પોલીસ ઈન્સ્પેક્ટર વી.જે. જાડેજાના નેતૃત્વમાં ટીમે હ્યુમન ઈન્ટેલિજન્સના આધારે કાર્યવાહી કરી હતી. કાર્યવાહી દરમિયાન સુરેન્દ્રભાઈ પટેલ (ગણદેવી), પ્રદીપભાઈ પટેલ (ખેરગામ) અને જીતેન પટેલ (વલસાડ)ને અર્ટિગા (GJ-15-CJ-4490) અને વેગનઆર (GJ-21-CC-1442) કાર સાથે ઝડપી પાડવામાં આવ્યા હતા.

નવસારી કે સુરતમાં અમારી કોઈ બ્રાન્ચ નથી

916 હોલમાર્ક HUID દાગીનાનો આજનો ભાવ

₹1,42,990/- પ્રતિ 10 ગ્રામ *શરતોને આધીન

ડાયમંડ • પ્લેટીનમ • ગોલ્ડ • સિલ્વર

આર.એ.પરીખ જ્વેલર્સ આંતલીયા, બીલીમોરા (પૂર્વ) મો.9825558181

જાહેર ચેતવણીનો જાહેર જવાબ તથા જાહેર ચેતવણી

એડવોકેટશ્રી યોગેશ સી. મોદી મારફત તારીખ: ૨૪/૦૧/૨૦૨૬ના ગુજરાત મિત્ર દૈનિકમાં **ડીસ્ટ્રીકટ નવસારી, સબડિસ્ટ્રીકટ જલાલપોરના મોજે ગામઃ વાડાના બ્લોક/સર્વે નંબર-પર,** જેનું ક્ષેત્રફળ ૦૧-૨૧-૪૧ હે.આરે.-ચો.મી., આકાર રૂા. ૨૬.૭૫ પૈસા વાળી ખેતીની જુની શરતની જમીન તેને લાગતા વળગતા અંદરના તથા બહારના હકક, હિસ્સા સહિતની જમીન **(૧) અમિનાબેન યુસુફભાઈ મહમદની વિધવા (૨) મહમદ સફી યુસુફભાઈ પટેલનાની** સ્વતંત્ર માલીકી તથા કબજા ભોગવટાની હોવાનું જણાવી તેમનાં અસીલ **છગનભાઈ શંભુભાઈ રાદડીયાને** તા. ૦૩/૦૨/૨૦૧૫ના રોજ કબજા સહિતનું સાટાખત યાને વેચાણનો કરાર કરી આપી વેચાણ આપેલ હોવા અંગેની જાહેર ચેતવણી પ્રસિદ્ધ થયેલ છે, જે ગલત, ગેરકાયદેસર અને ગેરમાર્ગે દોરનાર છે, મજકુર જમીનમાં (૧) અમિનાબેન યુસુફભાઈ મહમદની વિધવા (૨) મહમદ સફી યુસુફભાઈ પટેલ સંપુર્ણ માલિક કબજેદાર હતા નહિ કે છે નહિ.

ઉપરોકત મોજે નવસારી ડીસ્ટ્રીકટ સબડિસ્ટ્રીકટ જલાલપોરના મોજે ગામઃ વાડાના જુના બ્લોક/સર્વે નંબર-૫૨, નવા બ્લોક/સર્વે નંબર-૨૭ વાળી જમીન જેનું ક્ષેત્રફળ ૦૧-૨૧-૪૧ હે.આરે.ચોમી. આકાર રૂા.૨૬.૭૫ પૈસા વાળી ખેતીની જૂની શરતની જમીનના સહમાલિકો **(૧) બશીર અબ્દુલહૈ પટેલ (૨) ફરીદા અબ્દુલહૈ પટેલ (૩) સઈદા અબ્દુલહૈ પટેલ (૪) રસીદ અબ્દુલહૈ પટેલ (૫) સુગરા અબ્દુલહૈ પટેલ અને (૬) રૂકસાના અબ્દુલહૈ પટેલ વિગેરેનાઓને** તેમનાં વણવહેંચાયેલા હિસ્સાની ૭૮૦૯ ચો. મી. જમીન સુરત ઈસ્લામ યતીમખાના સોસાયટી વતી જમીન ખરીદનાર શ્રી બાલુભાઈ પરસોત્તમભાઈ પટેલ દ્વારા પૂરેપૂરું પેમેન્ટ સુરત ઈસ્લામ યતીમખાના સોસાયટી વતી ઉપરના ખેડૂતોને ચૂકવી આપેલ હતું અને તે અંગેનાં સાટાખત, કબજા રસીદ, પાવર ઓફ એટર્ની અને જનરલ પાવર ઓફ એટર્ની સહિતનાં લખાણો તારીખ:૨૩/૦૧/૨૦૦૬ના રોજ નોટરીશ્રી કિશોર રેવલીયાના નોટરી રજીસ્ટરે સીરીયલ નંબર ૨૮૮/૦૬ થી ૨૯૧/૦૬થી નોટરાઈઝડ થયેલ છે. તેમજ પુરેપુરો વેચાણ અવેજ સુરત ઈસ્લામ યતીમખાના સોસાયટી (અનાથાશ્રમ) વતી શ્રી બાલુભાઈ પરસોત્તમભાઈ પટેલનાએ ઉપરોકત સહમાલિકોને વર્ષ ૨૦૦૬મા ચુકવી આપેલ છે.

સુરત ઈસ્લામ યતીમખાના સોસાયટી (અનાથાશ્રમ) માં જમીન ખરીદ પ્રકરણો થયા હતા, **જેની કુલ ચાર FIR સુરત કાઈમ બ્રાંચ તથા એક FIR અઠવાલાઈન્સ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલ છે,** જેના પ્રકરણો સુરત કોર્ટ તથા નામદાર હાઈકોર્ટમાં ચાલી રહયાં છે. ઉપરોકત જમીન માલિક ખેડૂતો પૈકીનાઓએ તેમનાં હક, હિસ્સાની જમીનનો પૂરેપૂરો વેચાણ અવેજ તેમને મળી ચૂકેલ હોવાનો તેમજ સુરત ઈસ્લામ યતીમખાના સોસાયટી (અનાથાશ્રમ)ના નામે દસ્તાવેજ કરી આપવા અંગેના નિવેદન સુરત ક્રાઈમ બ્રાંચમાં નોંધાવેલ છે.

નવસારી ડીસ્ટ્રીકટ સબડિસ્ટ્રીકટ જલાલપોરના મોજે ગામઃ વાડાના બ્લોક/સર્વે નંબર-પર, નવા બ્લોક/સર્વે નંબર-૨૭ વાળી જમીન પૈકી વણવહેંચાયેલી ૭૮૦૯ ચોમી. જમીનમાં સુરત ઈસ્લામ યતીમખાના સોસાયટી (અનાથાશ્રમ)ના હિત સંકળાયેલા હોય મજકુર જમીન પૈકીના વણવહેંચાયેલ હક, હિસ્સાની જમીન બાબતે યા તેનાં કોઈપણ ભાગ સંદર્ભમાં કોઈપણ પ્રકારે સુરત ઈસ્લામ યતીમખાના સોસાયટી (અનાથાશ્રમ)ના હકકોને નુકસાન પહોંચે તે રીતે કોઈપણ વ્યકિત, સંસ્થા, કંપની વિગેરેનાએ કોઈપણ પ્રકારના ખરીદ, વેચાણ, બક્ષિસ, ગીરો કરાર કે ભાડેથી કે સાટાખત તથા કબજા ફેરફાર સહિતની હરકોઈ પ્રકારે જમીનો ટ્રાન્સફર કરવા અંગેની કાર્યવાહી, લખાણ કે વ્યવહાર કરવા-કરાવવા નહીં, તેમ છતાં જો કોઈ તેવો વહેવાર કરશે તો તે સુરત ઈસ્લામ યતીમખાના સોસાયટીને બંધનકર્તા રહેશે નહીં અને તેવી વ્યકિતઓએ કોર્ટ પ્રકરણમાં સંડોવાઈને મોટા ખર્ચમાં ઉતરવાનું રહેશે તેમજ તકરાર સિવાય કાંઈપણ હાંસલ થશે નહીં, જેની જાહેર જનતા તથા લાગતા વળગતાઓએ નોંધ લેવી.

મોહંમદ નવેદ એ શેખ, (એડવોકેટ)
જોઈન્ટ સેકેટરી
સુરત ઈસ્લામ યતીમખાના સોસાયટી અઠવાગેટ, નાનપુરા, સુરત

તારીખઃ ૨૭/૦૨/૨૦૨૬